વતીઓએ ભારતીય સંસ્કૃતી અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો સમન્વય મંચ પ

જમાં અંગ્રેજી વિભાગ અંતર્ગત વિલિયમ શેક્સપિયર ઈંગ્લીશ લિટરરી ફેસ્ટનો થયો પ્રારંભ: વિવિધ સ્પર્ધા

પોરબંદરની ગુરુકુળ મહિલા કોલેજમાં ઈંગ્લીશ લિટરરી ફેસ્ટનો પ્રારંભ થયો ત્યારની તસ્વીર (તસ્વીરઃજીલેશ પોપટ)

ચીફ ગેસ્ટ તરીકે રણાવાવ આર્ટસ કોલેજના પ્રાચાર્ય ડો. કમલેશભાઈ બુધબાટી , ગેસ્ટ ઓફ ઓનર તરીકે ગુરુકુળ મહિલા કોલેજના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષા ડો. હરીનબેન મજીઠીયા, કોલેજના ઉપઆચાર્યા પ્રો. રોહિણીબા જાડેજા, અન્ય પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીનીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત લોડ્સ પ્રેયરથી કરવામાં આવી હતી. ત્યારબાદ આવેલા મહેમાનઓએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. પછી સંસ્થાની પરંપરા મુજબ આવેલા મહેમાનોનું સુતમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડો. કેતકીબેન પંડ્યાએ આવેલા સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યારપછી ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા શબરી, કર્ણ, કૃષ્ણ, રાધા, નારદ મુનિ વગેરે તેમજ પાશ્ચાત્ય સંસ્કૃતિને ઉજાગર કરતા અંગ્રેજી સાહિત્યનો ઈતિહાસ, નવલકથા તેમજ નાટકના પાત્રો ઓફેલીયા, મીરાંડા, એલિઝાબેથ, પ્રિન્સેસ અરોરા, ક્લિયોપેટ્રા, જીમ એન્ડ ડેલા, હેરી પોટર, રાજુ એન્ડ રોઝી, મેરી વોલસ્ટોનક્રાફ્ટ, રોઝલીન્ડ એન્ડ સિલિયા, કિંગ લિયર એન્ડ કોર્ડેલિયા વગેરે જેવા પાત્રોને મંચ પર ઉજાગર કર્યા હતા. પછી કાર્યક્રમનાં ગેસ્ટ ઓફ ઓનર ડો.હરિનબેન મજીઠીયાએ ખુબ પ્રેરણાદાયી ઉદબોધન કરેલું અને ભાગ લેનાર વિદ્યાર્થિનીઓની પ્રશંસા કરી હતી. ત્યારબાદ અંગ્રેજી વિભાગની પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓએ અલગ અલગ નૃત્ય, ગીત ગાયન તેમજ વક્તવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે મુખ્ય મહેમાન રણાવાવના પ્રાચાર્ય ડો. કમલેશભાઈ બુધબાટીએ જણાવ્યું હતું કે,અંગ્રેજી વિષયનો આ કાર્યક્રમ 'વસુધૈવ કુટુંબકમ' અને 'સર્વ ધર્મ સમભાવ' એ વાતની સાક્ષી પૂરે છે. તેઓએ વિદ્યાર્થીનીઓ અને કહેલું કે અહીંથી અભ્યાસ પૂરો કર્યા પછી તમારુ વ્યક્તિત્વ અનેરું બની જશે. તેઓએ એક ખૂબ સુંદર વાર્તા પણ કહેલી અને એના દ્વારા કહેલું કે કલા એ ભૌતિક

GURUKUL MAHILA COLLEGE, PORBANDAR
LITERARY FEST

GURUKUL MAHILA COLLEGE, PORBANDAR
LITERARY FEST

GURUKUL MAHILA COLLEGE, PORBANDAR
LITERARY FEST

ANDAR
ST